| This Answer Booklet Contains 24 Printed Pages | 01 | CAM-1 |
|---|---|---|

(ખાખી / કાળા રંગનું સ્ટીકર અહીં ચોંટાડવું)
(Paste Brown / Black sticker here)

Answer Book
જવાબવહી

ઉમેદવારની સહી

નીચેની સૂચનાઓ વાંચ્યા પછી બારકોડ સ્ટીકર અહીં ચોંટાડવું
Read the instructions given below and affix the Barcode Sticker here

| | |
|---|---|
| બેઠક નંબર Roll Number | |
| ઉમેદવારનું નામ | |
| નિરીક્ષકનું નામ અને સહી | |

પ્રશ્નપત્ર નંબર : 1
વિષય : ગુજરાતી
કુલ ગુણ : 100 • Marks : 100
સમય : 3 Hours • Duration : 3 Hours

| પ્રશ્ન ક્રમાંક | પેટા પ્રશ્ન ક્રમાંક | કુલ ગુણ | મેળવેલ ગુણ | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| Q-1 | | 15 | | તમામ પ્રશ્નો ફરજીયાત છે. |
| Q-2 | | 10 | | |
| Q-3 | | 10 | | |
| Q-4 | | 10 | | |
| Q-5 | | 10 | | |
| Q-6 | | 5 | | |
| Q-7 | | 10 | | |
| Q-8 | | 10 | | |
| Q-9 | | 10 | | |
| Q-10 | | 10 | | |
| મેળવેલ કુલ ગુણ આંકડામાં | | 100 | | |
| મેળવેલ કુલ ગુણ શબ્દોમાં | | | | |

**ખાસ સુચના :** જવાબો લખતા પહેલા જવાબવહીમાં તમામ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરતજ ખંડ નિરીક્ષક પાસેથી જવાબવહી અચૂક બદલાવી લેવી. એકવાર જવાબ લખવાનું ચાલુ કર્યા બાદ જવાબવહી બદલી આપવામાં આવશે નહિ.

| ઉમેદવારે આ જગ્યામાં કંઈ લખવું નહીં | |
|---|---|

પરીક્ષકનું નામ, સહી અને તારીખ / Examiner's Name and Signature

## સૂચનાઓ

(૧) ઉમેદવારના પ્રવેશપત્ર પરનો બેઠક નંબર, વિષય કોડ તેમજ બારકોડ સ્ટીકર પરનો બેઠક નંબર તથા વિષય કોડ એક જ છે તે ચકાસીને ઉપર બતાવેલ બોક્સમાં બારકોડ સ્ટીકર ચોંટાડવું. ત્યારબાદ નિરીક્ષકની સૂચના પ્રમાણે કાળા રંગનું સ્ટીકર તેના ઉપર ચોંટાડવું.

(૨) ઉમેદવારે નિયત જગ્યા સિવાય જવાબવહીના કોઈપણ ભાગમાં નામ, બેઠક નંબર કે તખલ્લુસ દર્શાવવા નહિ કે કોઈ પણ પ્રકારની નિશાની કરવી નહિ.

(૩) ઉમેદવાર વાદળી કે કાળી શાહીની પેન કે બોલપેનથી ઉત્તરો લખી શકશે. પરંતુ તે સિવાયની કોઈ પણ રંગની શાહી, બોલપેન કે સ્કેચ પેનનો ઉપયોગ કરી શકશે નહિ.

(૪) ઉમેદવારે જવાબવહી નિરીક્ષકને સોંપતા પહેલાં ખાતરી કરી લેવી કે તેના ઉપર નિરીક્ષકની સહી થયેલ છે. નિરીક્ષકની સહી વગરની જવાબવહી તપાસવામાં આવશે નહિ.

**(૫) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યામાં જ જવાબ લખવાના રહેશે.**

**(૬) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યા સિવાય અન્ય જગ્યાએ ઉત્તરો લખેલ હશે તો તે તપાસવામાં આવશે નહિ તથા શૂન્ય ગુણ આપવામાં આવશે.**

**(૭) જે તે પ્રશ્નમાં માંગેલ જવાબોની સંખ્યા મુજબ પ્રથમ લખેલ જવાબો મૂલ્યાંકન અને ગુણપ્રદાન માટે ધ્યાને લેવાશે અને તે સિવાયના જવાબો માટે શૂન્ય ગુણ ગણવાના રહેશે.**

**(૮) જવાબ લખવા માટે અલગથી કોઈ પ્રકારની જવાબવહી/પુરવણી આપવામાં આવશે નહિ.**

(૯) ઉમેદવારે જે પ્રશ્નનો ઉત્તર ના લખેલ હોય અથવા જ્યાં ખાલી જગ્યા રહેલ હોય ત્યાં ત્રાંસી લીટી કરવાની રહેશે.

(૧૦) ઉપયુક્ત સૂચનાઓનો ભંગ કરનારને મંડળ યોગ્ય શિક્ષા કરી શકશે.

(૧૧) બેઠક નંબર (રોલ નંબર) લખવામાં ઉમેદવાર ભૂલ કરશે તો તે અંગે પછી કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૨) આ પ્રશ્નપત્રમાં જવાબનું માધ્યમ ગુજરાતી રહેશે અને ઉમેદવારે તે જ માધ્યમમાં જવાબ આપવાના રહેશે અન્યથા જવાબવહી તપાસવામાં આવશે નહીં

WEBSANKUL
Downloaded from websankul.com

**ખાસ સુચના :** જવાબો લખતા પહેલા જવાબવહીમાં તમામ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરતજ ખંડ નિરીક્ષક પાસેથી જવાબવહી અચૂક બદલાવી લેવી. એકવાર જવાબ લખવાનું ચાલુ કર્યા બાદ જવાબવહી બદલી આપવામાં આવશે નહિ.

Downloaded from websankul.com

[redacted]

| | | |
|---|---|---|
| પ્રશ્ન–૧ | **નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં નિબંધ લખો.** | **Obtained Marks** |
| | ૧.૧ કોઈ પણ રાષ્ટ્રનું ભાવિ તેના વર્ગખંડોમાં આકાર લે છે. | |
| | ૧.૨ કુપોષણ : એક સળગતી સમસ્યા | **Total Marks : 15** |
| | ૧.૩ બાયોસ્ફિયર રિઝર્વ વૈશ્વિક પડકારોનો સ્થાનિક ઉકેલ પૂરો પાડે છે. | |
| | ઉત્તર : ( ) | |



WEBSANKUL ®

Downloaded from websankul.com

Downloaded from websankul.com

05

05

WEBSANKUL ®

Downloaded from websankul.com

Downloaded from websankul.com

પ્રશ્ન-૨ નીચે આપેલ બે વિકલ્પોમાંથી કોઈપણ એક કાવ્ય પંક્તિઓનો આશરે ૧૦૦ શબ્દોમાં વિચાર વિસ્તાર કરો.

| Obtained Marks |
| --- |
| |
| Total Marks : 10 |

૨.૧ આપણ અન્ન ભિક્ષા માંગી લાવતા, તને સાંભરે રે ?
મળી જમતા ત્રણે ભ્રાત, મને કેમ વિસરે રે ?
આપણ સૂતા એક સાથરે, તને સાંભરે રે ?
સુખ દુઃખની કરતા વાત, મને કેમ વિસરે રે ?

– પ્રેમાનંદ

૨.૨ ધરા ધણધણે ભલે, થરથરે દિશા, વ્યોમમાં
પ્રકંડ પથરાય છો, ઉર ઉરે ઊઠે ભીતિનો
ભયાનક ઉછાળ છો, જગત જાવ ડૂબી ભલે,
પછાડ ધણ, ઓ ભુજા! ધમધમાવ સૃષ્ટિ બધી!

– સુન્દરમ

ઉત્તર : ( )

07

07

Downloaded from websankul.com

Downloaded from websankul.com

| Obtained Marks |
|---|
| |
| Total Marks : 10 |

પ્રશ્ન-૩ **નીચે આપેલ ગદ્ય ખંડનો (૧૪૫ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/૩ ભાગમાં (૪૮ શબ્દો) સંક્ષેપ કરો.**

પર્યાવરણ કોઈ નવો વિચાર કે વિષય નથી. પર્યાવરણ એટલે પૃથ્વી પરના આવરણ-જળ, જમીન અને હવા આ ત્રણેય વસ્તુની કુદરતી શુધ્ધતા પ્રાણીઓના સ્વસ્થ જીવન માટે ઘણી જ જરૂરી છે. પહેલા પર્યાવરણની જાળવણી અને સમતુલા આપોઆપ જળવાતી રહેતી તેથી માણસોનો એ વિષય ઉપર ધ્યાન આકર્ષવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હતો. પરંતુ, આજકાલ પર્યાવરણની સમતુલા એટલે હદે બગડી છે કે શુધ્ધ હવા, પાણી અને ખોરાક મળવા મુશ્કેલ બન્યા છે.પૃથ્વી પર હાનિકારક કચરાના ઢગ ખડકવા લાગ્યા છે, જેથી દુનિયામાં વત્તાઓછા પ્રમાણમાં વાતાવરણ પ્રદૂષિત થયું છે. જાતજાતના ભયંકર અને અસાધ્ય રોગો થવા લાગ્યા છે જેની અસર સ્ત્રીઓ ઉપર પણ પડી છે. સ્ત્રીઓને પર્યાવરણ સાથે સીધો સંબંધ છે, તેથી પર્યાવરણની અસર સ્ત્રીઓ ઉપર વધારે પડે છે. ગ્રામ્ય મહિલાઓ અને શહેરમાં મજૂર વિસ્તારની મહિલાઓની મુખ્ય કામગીરી ઉપર નિરીક્ષણ કરતા જણાશે કે મહિલાઓ પુરુષની સરખામણીમાં કે રોજીંદા કામોમાં ૮૦ ટકાથી વધારે સમય આપે છે તેનો સીધો સંબંધ પર્યાવરણ સાથે છે.

ઉત્તર : ( )



Downloaded from websankul.com

પ્રશ્ન-૪ **નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોનો ઉત્તર આપો. (૨ ગુણ × ૦૫ પ્રશ્નો)**

| Obtained Marks |
|---|
| |
| Total Marks : 10 |

જળવાયુ પરિવર્તનની સ્થિતિમાં કૃષિ તથા ખાદ્યાખોરાકીમાં સ્વાવલંબન જાળવી રાખવું હશે તો, કૃષિ સંશોધન અને વિકાસ પાછળના ખર્ચમાં સતત વધારો થતો રહેવો જરૂરી છે. તે ઉત્પાદકતા ઉપરાંત સ્પર્ધાત્મકતા વધારવામાં મદદ કરે છે. ખાતર સહાયકી, વીજ સહાયકી વગેરે પાછળ ખર્ચાતા નાણાંની સરખામણીએ સંશોધન અને વિકાસ પાછળ ખર્ચાતા નાંણા વળતરદાયી સાબિત થઈ શકે છે.

સારા ચોમાસાની સ્થિતિમાં દેશમાં અનાજનું વિક્રમી ઉત્પાદન થાય છે અને છતાં ભાવ તે પ્રમાણે નીચા રહેતા નથી. પુરવઠો વધવા સાથે ભાવ ઘટવા જોઈએ એ એક સામાન્ય ગણિત છે, પરંતુ અનાજના કિસ્સામાં આ ગણિત કામ કરતું નથી. ભાવ નીચે નહીં આવવાનું કારણ ઊંચા ઉત્પાદન ખર્ચ છે. વ્યવહારુ સ્તરે ભાવ જાળવી રાખવા યોગ્ય વ્યવસ્થાપકની ભૂમિકા ભજવવાની દેશના નીતિવિષયકોની જવાબદારી રહે છે અને આ જવાબદારી નિભાવવામાં જો કચાશ રહેશે તો ગમે તેટલો વિક્રમી પાક થશે તેનાથી ન તો ખેડૂતોનું ભલું થશે ન તો વપરાશકારોનું. ઓછા ખર્ચ સાથે ઉપજ વધારવા કૃષિ ક્ષેત્રે સંશોધન અને વિકાસ પાછળ મોટા મૂડી રોકાણની આજે આવશ્યકતા છે. અંદાજપત્ર ફાળવણીમાં પણ સરકારે તે માટે પૂરતા નાણાં ઉપલબ્ધ બની રહે તે જોવું પડશે એટલું જ નહીં પરંતુ કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલી ખાનગી કંપનીઓને પણ સંશોધન અને વિકાસ ખર્ચ કરવા પ્રોત્સાહિત કરવી પડશે.

જળવાયુ પરિવર્તનના કારણે પાકોના થતા બગાડને અટકાવવા માટે ગ્રામ્ય માળખા, સંસ્થાકીય ધિરાણ, સારા કાચા માલ, સંશોધન તથા કૃષિ પાકોમાં વૈવિધ્યકરણ થકી કૃષિ ઉત્પાદનમાં વધારો કરવાની આવશ્યકતા છે. રોકાણ, જળ જાળવણી, સારી ખેતી પધ્ધતિનો ઉપયોગ કરી ઉપજમાં વધારો કરવા, બજાર જોડાણ વધારવા, સંસ્થાકીય ધિરાણ ઉપલબ્ધ બનાવવાના અનેક પ્રયાસો વર્ષોથી થઈ રહ્યા છે, પરંતુ હજુ વધુ સચોટ અને અસરકારક પગલાઓ જરૂરી છે. જળવાયુ પરિવર્તનને કારણે જોવા મળતા 'હીટ વેવ', વધુ પડતા વરસાદ અને પૂરની સ્થિતિથી સૌથી વધુ ફટકો કૃષિ ક્ષેત્રને પડે છે તેવા સંજોગોમાં સંશોધન અને વિકાસને વેગ મળે તે જરૂરી છે.

**પ્રશ્નો**

૪.૧ કૃષિ ક્ષેત્રે સંશોધન અને વિકાસ પાછળનો ખર્ચ કેમ જરૂરી છે?

ઉત્તર : ( )

10

10

Downloaded from websankul.com

૪.૨ દેશમાં અનાજનું વિક્રમી ઉત્પાદન થવા છતાં ભાવ કેમ નીચા રહેતા નથી?

ઉત્તર : ( )

૪.૩ નીતિવિષયકોએ કેવી ભૂમિકા ભજવવાની જરૂર છે?

ઉત્તર : ( )

૪.૪ જળવાયુ પરિવર્તનના કારણે પાકોના થતા બગાડને અટકાવવા માટે શું જરૂરી છે?

ઉત્તર : ( )

૪.૫ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

ઉત્તર : ( )

Downloaded from websankul.com

**પ્રશ્ન-૫** રાજ્ય સરકાર દ્વારા 'મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૩૦' અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાંથી વર્ષ ૨૦૩૦ સુધીમાં મેલેરિયા રોગનું નિર્મુલન કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માનનીય મંત્રીશ્રી તરફથી માહિતી આપતું પ્રચાર માધ્યમો માટેનું નિવેદન આશરે ૧૫૦ શબ્દોમાં લખો.

Obtained Marks

Total Marks : 10

ઉત્તર : ( )



WEBSANKUL

Downloaded from websankul.com

Downloaded from websankul.com

પ્રશ્ન-૬ તમારા વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરો ઉપાડવા આવતી ગાડી અનિયમિત આવે છે જેના કારણે ગંદકી ફેલાય છે. સદરહુ બાબતે સ્થાનિક નગરપાલિકાને ફરિયાદ કરતો પત્ર આશરે ૧૦૦ શબ્દોમાં લખો.

ઉત્તર : ( )

| Obtained Marks |
| --- |
| |
| Total Marks : 05 |

14

14

WEBSANKUL ®

Downloaded from websankul.com

પ્રશ્ન–૭ જાહેર માર્ગો ઉપર રખડતા ઢોરની સમસ્યા દૂર કરવાના તંત્રના પ્રયાસો કેટલા અસરકારક સાબિત થયાં છે તે બાબત કેન્દ્રમાં રાખીને 'અ બ ક' વર્તમાનપત્રના તંત્રીને આશરે ૨૦૦ શબ્દોમાં ચર્ચાપત્ર લખો.

ઉત્તર : ( )

| Obtained Marks |
| --- |
| |
| Total Marks : 10 |



Downloaded from websankul.com

Downloaded from websankul.com

પ્રશ્ન–૮ 'એક વૃક્ષ માતાને નામે' અભિયાન અંતર્ગત આપના વિસ્તારમાં યોજાયેલ વૃક્ષારોપણ અંગેનો અહેવાલ આશરે ૨૦૦ શબ્દોમાં લખો.

ઉત્તર : ( )

| Obtained Marks |
| --- |
| |
| Total Marks : 10 |

17

17

Downloaded from websankul.com

Downloaded from websankul.com

પ્રશ્ન-૯ આપેલ અંગ્રેજી ગદ્ય ખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો.

Obtained Marks

Total Marks : 10

Parking problems have become a big issue with increasing urbanisation. As our cities grow and more people own cars, finding a parking spot has become increasingly difficult. One of the main reasons for parking problems is the lack of sufficient parking spaces. Many cities were not designed to accommodate the increasing number of vehicles on the roads. As a result, finding a place to park has become a real challenge. Streets are often crowed with cars parked haphazardly, causing traffic congestion and making it difficult for other vehicles to pass. Another issue contributing to the parking problem is illegal parking. Some people park their vehicles in "No Parking" zones, footpaths, or even blocking drive ways, This not only causes inconvenience but also poses risks to pedestrians and emergency services, Imagine a situation where an ambulance cannot reach a hospital in time because the road is blocked by illegally parked vehicles.

ઉત્તર : ( )

Downloaded from websankul.com

Downloaded from websankul.com

પ્રશ્ન-૧૦ સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૧ ગુણ × ૧૦ પ્રશ્નો)

| Obtained Marks | |
|---|---|
| Total Marks : 10 | |

૧૦.૧ બે ઘોડે વાટ જોવી (રૂઢિપ્રયોગનો અર્થ અને તેનો વાક્યપ્રયોગ લખો)

ઉત્તર : ( )

૧૦.૨ પારકી મા જ કાન વિંધે (કહેવતનો અર્થ સમજાવો)

ઉત્તર : ( )

૧૦.૩ મહાબાહુ (સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો)

ઉત્તર : ( )

૧૦.૪ વૃધ્ધ માતા અને તાત, તાપે છે સગડી કરી;
અહો! કેવું સુખી જોડું, કર્તાએ નિરમ્યું દિસે! (પંક્તિઓનો છંદ ઓળખાવો).

ઉત્તર : ( )

૧૦.૫ માણેકની ચીસ એમની પાછળ દોડતી દોડતી આગળ ચાલી. (અલંકાર ઓળખાવો)

ઉત્તર : ( )

21

21

WEBSANKUL ®

Downloaded from websankul.com

૧૦.૬ સમાન દૃષ્ટિ રાખનાર (શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો)

ઉત્તર : ( )

૧૦.૭ અધુરૂ (જોડણી શુદ્ધિ કરો)

ઉત્તર : ( )

૧૦.૮ આ હકીકત પ્રત્યે હું આપનું લક્ષ્ય દોરું છું. (લેખન શુદ્ધિ કરો)

ઉત્તર : ( )

૧૦.૯ મન્વંતર (શબ્દની સંધિ છોડો)

ઉત્તર : ( )

૧૦.૧૦ જીવલાએ મોટી દીકરી પાસે ચોખા દળાવ્યા. (કર્તરિ વાક્યમાં રૂપાંતર કરો)

ઉત્તર : ( )

Downloaded from websankul.com

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

ઉમેદવારે પોતાની ઓળખ થાય તે પ્રકારની કોઈપણ નિશાની, તખલ્લુસ કે ચિન્હ દર્શાવવા નહીં. આ સૂચનાનો ભંગ કરનારને યોગ્ય શિક્ષા કરી શકાશે.

23

23

WEBSANKUL ®

Downloaded from websankul.com

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

ઉમેદવારે પોતાની ઓળખ થાય તે પ્રકારની કોઈપણ નિશાની, તખલ્લુસ કે ચિન્હ દર્શાવવા નહીં. આ સૂચનાનો ભંગ કરનારને યોગ્ય શિક્ષા કરી શકાશે.

24

24

Downloaded from websankul.com